"વન સ્ટોપ સેન્ટર" યોજના અંતર્ગત મંજૂર માનવબળમાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક - **WCDD/WWM/e-file/23/2024/0737/A**

સચિવાલય,ગાંધીનગર

તા:- ૨૦/૦૫/૨૦૨૬

<u>વંચાણે લીધા:</u>

(૧) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારના તા.૧૪/૦૭/૨૦૨૨ના પત્ર ક્રમાંક Do No.WW-૨૩/૧/૨૦૧૨૧-WWથી પ્રસિધ્ધ થયેલ "મિશન શક્તિ" યોજનાની માર્ગદર્શિકા

(૨) વિભાગનો તા.૧૯/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: WCDD/WoW/e-file/23/2022/1714/A

(૩) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારનો તા.૨૨/૦૭/૨૦૨૫નો પત્ર ક્રમાંક: Sambal/36/2025-Sambal (e-126713)

(૪) નિયામકશ્રી (મ.ક)ની કચેરી, કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગરનો તા.૨૩/૦૯/૨૦૨૫ અને તા.૦૩/૦૩/૨૦૨૬નો પત્ર

<u>પ્રસ્તાવના:-</u>

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળની ભારત સરકારની માર્ગદર્શિકા અન્વયે વંચાણે લીધા ક્રમાંક(૨) હેઠળના ઠરાવથી રાજ્યમાં વન સ્ટોપ સેન્ટર યોજનાનું અમલીકરણ કરવામાં આવેલ છે. સદરહું ઠરાવના પેરા-૯ હેઠળ આપેલ પત્રક મુજબ માનવવળની જોગવાઇ કરવામાં આવેલ છે.

ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક (૩) હેઠળના પત્રથી સ્થાનિક જરૂરિયાતો અને કામગીરીની વ્યવહારુ શક્યતા મુજબ વન સ્ટોપ સેન્ટર યોજના અંતર્ગત મંજૂર માનવબળની સંખ્યા અને બજેટ જોગવાઇની મર્યાદામાં ફેરફાર કરવાની છૂટ આપવામાં આવી છે. જેના અનુસંધાને વંચાણે લીધા ક્રમાંક (૪) હેઠળના પત્રોથી નિયામકશ્રી(મ.ક)ની કચેરી દ્વારા સદરહું યોજના અંતર્ગત ૦૧ પેરા-મેડિકલ વર્કરની જગ્યાએ ૦૧ મનો સમાજિક કાર્યકરની સેવાઓ મેળવવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

૧. રાજ્યમાં મંજૂર થયેલ સખી વન સ્ટોપ સેન્ટર માટે સ્થાનિક જરૂરિયાતોના આધારે ૦૧ પેરા-મેડિકલ વર્કરના સ્થાને ૦૧ મનો સામાજિક કાઉન્સેલરની સેવાઓ મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે

૨. આ ઠરાવથી હવે "મનો સામાજિક કાઉન્સેલર"ની ૦૨ જગ્યાઓની મંજૂરી આપવામાં આવે છે અને આ યોજનાના ક્રમાંક(૨) હેઠળના ઠરાવના પેરા ૦૯ માં આપેલ માનવબળના પત્રકમાં તે પૂરતો સુધારો ગણવાનો રહેશે. તે સિવાયની મૂળ ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

3. ઉક્ત મંજૂરી અન્વયે મેળવેલ સેવાઓ અંગેની વિગતો મિશન શક્તિ ડેશબોર્ડ પર અપડેટ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયદીપ પટેલ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

- માન.મંત્રીશ્રી,મહિલા અને બાળ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ),મહિલા અને બાળ વિકાસ કમિશ્નરની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- તમામ મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી, જિલ્લો...............(નિયામકશ્રી(મહિલા કલ્યાણ)ની કચેરી મારફત)
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલકટ ફાઈલ